# BUSINESS મિત્ર

બ્રોડર માર્કેટમાં ફુલગુલાબી તેજી: સેન્સેક્સના 30માંથી માત્ર 2 શેર લાલ નિશાનમાં

90 દિવસ માટે ટેરિફમાંથી મુક્તિ અને સ્માર્ટફોન તથા ઇલે. ગુડઝ પરના ટેરિફ ટેમ્પરરી હટાવી દેવાના નિર્ણયથી ભારતીય શેરબજારને જોરદાર બુસ્ટ

# સેન્સેક્સ 1578 પોઇન્ટ ઉછળ્યો, નિફ્ટીએ 23300ની સપાટી કુદાવી

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 15:** ભારતીય શેરબજારમાં આજે ગેપ અપ ઓપનીંગ જોવા મળ્યું હતું, ત્યારબાદ શેરબજારમાં તેજી જળવાઇ રહી હતી અને ઉપલા સ્તરની આસપાસ બંધ રહેવામાં સફળ થયા હતા. જેના લીધે આજે સેન્સેક્સ 1578 પોઇન્ટ ઉછળી ગયો હતો, જ્યારે નિફ્ટીએ 23300 પોઇન્ટની સપાટી કુદાવીને બંધ રહી હતી. જેના પરિણામે રોકાણકારોની સંપત્તિમાં આશરે રૂ. 11 લાખ કરોડનો વધારો થયો છે.

અમેરિકાએ મુક્તિ દિવસ પુર્વેના સ્તર પર ભારતીય શેરબજાર પહોંચી ગયું છે. અમેરિકાએ 90 દિવસ માટે ટેરિફમાંથી મુક્તિ અને સ્માર્ટફોન તથા ઈલે. ગુડઝ પરના ટેરિફ ટેમ્પરરી હટાવી દેવાના નિર્ણયથી ભારતીય શેરબજારને જોરદાર બુસ્ટ મળ્યું છે અને તેના લીધે સેન્સેક્સના 30 શેરોમાંથી 28 શેરો ઉછળ્યા હતા, જ્યારે માત્ર બે શેર લાલ નિશાનમાં જોવા મળ્યા હતા. આજે અદાણી જુથના શેરોમાં પણ શાનદાર તેજી જોવા મળી હતી.

સેકટર વાઇઝ વાત કરીએ તો સૌથી વધુ રિયલ્ટી ઈન્ડેકસમાં તેજી જોવા મળી હતી. જે 5.64 ટકા ઉછળ્યા હતા. ત્યારબાદ ઓટો ઈન્ડેકસ 3.39 ટકા, ફાઈનાન્સીયલ સર્વિસીસમાં 3.28 ટકા, મેટલમાં 3.20 ટકા અને ફાર્મા ઈન્ડેકસમાં 2.97 ટકા ઉછળ્યા હતા.

90 દિવસના મોકુફ રાખવાના નિર્ણય બાદ શેરબજારમાં તેજીનો સુસવાટો શરૂ થઇ ગયો છે. જેમાં ગત 11મીએ તેજીના મંડાણ જોવા મળ્યા હતા, જેમાં આજે આ તેજીનો દોર આગળ વધ્યો હતો. બીજી તરફ, વૈશ્વિક બજારોમાં પણ તેજી રહી છે, જેથી આ સપ્તાહમાં આ તેજી આગળ વધે તેવું લાગી રહ્યું છે.

બીએસઇ સેન્સેક્સ 1577.63 પોઇન્ટ એટલે કે 2.1 ટકા વધીને 76734.89 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 1577.63 પોઇન્ટ એટલે કે 2.1 ટકા વધીને 76734.89 પોઇન્ટના સ્તરે બંધ રહેશે. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 76907 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો. જ્યારે નીચામાં 76435 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 500 પોઇન્ટ એટલે કે 2.19 ટકા ઉછળીને 23300 પોઇન્ટની સપાટી કુદાવીને 23328.55 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 23368 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23207 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 1377.15 પોઇન્ટ એટલે કે 2.7 ટકા વધીને 52379.50 પોઇન્ટના સ્તર સુધી બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે ભારતી હેક્ષાકોમમાં 3.1 ગણા, સોના બીએલડબલ્યુમાં 2.6 ગણા, ગોદરેજ પ્રોપર્ટીઝમાં 2.23 ગણા, જસ્ટ ડાયલમાં 2.15 ગણા અને ફોર્ટીસમાં 2.08 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે સાઇ લાઇપસાયન્સીસમાં 12.31 ગણા, ડેટા પેટર્નમાં 10.71 ગણા, કેઇસી ઈન્ટરનેશનલમાં 4.47 ગણા, એલ્જી ઇકવીપમેન્ટમાં 4.43 ગણા અને ડોમ્સ ઈન્ડ.માં 4.38 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટે ફ્રન્ટલાઇન શેરો કરતા સુંદર પ્રદર્શન જોવાયું છે. બીએસઇ મિડકેપ ઈન્ડેકસ 3.02 ટકા અને સ્મોલકેપ ઈન્ડેકસ 3.21 ટકા વધ્યા છે. જેના લીધે માર્કેટ બ્રેડથ મજબૂત જોવાયું હતું. બીએસઇ ખાતે 3304 શેરો વધ્યા હતા, જ્યારે 785 શેરો ઘટયા હતા અને 167 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી રિયલ્ટી ઈન્ડેકસ 5.64 ટકા વધ્યા હતા. જેમાં અનંતરાજ, મેક્રોટેક ડેવલપર્સ, પ્રેસ્ટીજ એસ્ટેટ, ડીએલએફ, ફોનીક્સ મીલ્સ, ઓબેરોય રિયલ્ટી, શોભા, બ્રિગ્રેડ એન્ટરપ્રાઇઝ, ગોદરેજ પ્રોપર્ટીઝ અને રેમન્ડ ઉછળ્યા હતા.

વૈશ્વિક સ્તરે યુરોપિયન બજારો ઉછાળા સાથે ખુલ્યા હતા. અમેરિકાએ ટેરિફ મોકુફ રાખ્યા બાદ વૈશ્વિક બજારોમાં રીકવરીનો યુ ટર્ન જોવા મળ્યો છે. એશિયન બજારો પણ સુધારા સાથે બંધ રહ્યા હતા. બીજી તરફ, ટ્રમ્પે ઓટો સેકટરમાં પણ ટેરિફની છૂટ આપવાની શક્યતા વ્યક્ત કરી છે, જેથી રોકાણકારોની જોખમનો હાઉ ઓછો થતો જોવા મળી રહ્યો છે.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.75 ટકા અને ડેક્સ 0.51 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે, જ્યારે કેક 0.06 ટકા નજીવા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. જોકે, આજે યુરોપિયન બજારો પોઝિટિવ ખુલ્યા હતા. એશિયન બજારોમાં મોટા ભાગના સુધારા સાથે બંધ રહ્યા હતા. જેમાં નીક્કી 0.83 ટકા, સ્ટ્રેઇટસ 2.09 ટકા, હેંગસેંગ 0.23 ટકા, તાઇવાન 1.74 ટકા, કોસ્પી 0.87 ટકા, જકાર્તા 1.14 ટકા અને શાંઘાઇ 0.145 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

## નબળા ડોલર ઇન્ડેક્સના લીધે રૂપિયો મજબૂત, 86ની નીચે

કરન્સી બજારમાં આજે શેરબજારની તેજીની પાછળ રૂપિયો પણ મજબૂત જોવાયો હતો. આ ઉપરાંત, ડોલર ઇન્ડેક્સ નબળો પડ્યો હતો, જેના લીધે આજે રૂપિયામાં શરૂઆતથી જ 86ની નીચે ખુલ્યો હતો, જે અંતે રૂપિયો 30 પૈસા મજબૂત થઇને 85.76ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં 86.06ના સ્તરે બંધ રહ્યો હતો. જોકે, આજે દિવસ દરમ્યાન રૂપિયો તૂટીને 86ની સપાટી તોડી નથી. ભારતીય શેરબજારમાં 2 ટકાથી વધુની તેજી જોવા મળી છે, જેની સામે ક્રુડ ઓઇલ પણ ઘટયું છે, ભારતના મેક્રો ઇકોનોમી ડેટાએ પણ અર્થતંત્રને મજબૂત કરી રહ્યાના અહેવાલની પાછળ રૂપિયાને વધુ ટેકો મળ્યો છે. મોંઘવારી દર 2.05 ટકા પર પહોંચી ગયો છે. જેનું 2.5 ટકાનું અનમાન હતું. જોકે, એફઆઇઆઇની વેચવાલીએ રૂપિયાની મજબૂતાઇને બ્રેક લગાવવાનું કામ કર્યુ છે. આશા છે કે, ટેરિફ સંબંધી ચિંતાઓમાં ઘટાડો થઇ રહ્યો છે અને નબળા ડોલરની વચ્ચે રૂપિયો વધુ મજબૂતાઇથી કામકાજ કરતો રહેશે. અન્ય કરન્સી બજારમાં યુરો 97.46, પાઉન્ડ 112.85, કેનેડિયન ડોલર 61.70, ઓસ્ટ્રેલિયન ડોલર 54.89, જાપાનીઝ યેન 0.6011 અને સીંગાપોર ડોલર 64.97ના સ્તરે બંધ રહ્યા હતા.

### ફોરેક્સ બજાર

| | |
|---|---|
| ડોલર | 85.69 રૂ. |
| પાઉન્ડ | 113.10 રૂ. |
| યુરો | 97.20 રૂ. |
| યેન | 59.89 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 1577.63 | 76734.89 |
| નિફ્ટી | 500.00 | 23328.55 |
| બેન્ક નિફ્ટી | 1377.15 | 52379.50 |

### નિફ્ટી

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ડસઇન્ડ બેન્ક | 6.73 | 735.90 |
| શ્રીરામ ફાઇનાન્સ | 5.20 | 672.00 |
| ટાટા મોટર્સ | 4.56 | 622.20 |
| લાર્સન-ટુબ્રો | 4.55 | 3257.60 |
| અદાણી એન્ટર | 4.17 | 2418.20 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| આઇટીસી | 0.27 | 420.40 |
| એચયુએલ | 0.20 | 2361.50 |

### સેન્સેક્સ

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ડસઇન્ડ બેન્ક | 6.84 | 735.85 |
| લાર્સન-ટુબ્રો | 4.50 | 3257.40 |
| ટાટા મોટર્સ | 4.50 | 621.80 |
| એક્સીસ બેન્ક | 4.18 | 114.05 |
| અદાણી પોર્ટસ | 4.02 | 1210.80 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| આઇટીસી | 0.36 | 420.30 |
| એચયુએલ | 0.23 | 2361.05 |

# મોર્ગન સ્ટેનલીએ સેન્સેક્સની તેજીના અનુમાનમાં 12 ટકા ઘટાડો કર્યો

**82000** પોઇન્ટ સુધી પહોંચશે

**જો મંદી** યુએસ પર ત્રાટકશે તો સેન્સેક્સ ઘટીને 63000 થઈ જશે

મુંબઇ, તા. 15: મોર્ગન સ્ટેનલીએ ડિસેમ્બર 2025 સુધીમાં સેન્સેક્સના ટાર્ગેટને 12 ટકા ઘટાડીને 82000 કરી દીધો છે. જે અગાઉ લક્ષ્યાંક 93 હજારનો હતો. જો કે આ લક્ષ્યાંક હજુ પણ વર્તમાન સ્તરથી લગભગ 7 ટકા ઉપર છે અને મોર્ગન સ્ટેનલીનું માનવું છે કે સેન્સેક્સમાં ડિસેમ્બર 2025 સુધી આ લક્ષ્ય સુધી પહોંચવાની 50 ટકા સંભાવના છે.

મોર્ગન સ્ટેનલીએ જણાવ્યુ હતું કે જો ક્રૂડ ઓઇલના ભાવ બેરલદીઠ 100 ડોલરની ઉપર જળવાઇ રહેશે અને અમેરિકામાં મંદીનો માહોલ છે તો સેન્સેક્સ ઘટીને 63000 સુધી આવી શકે છે. ક્રુડ ઓઇલની કિંમતો વધવાથી મોંઘવારી વધશે અને આરબીઆઈ અપેક્ષાથી ઓછા વ્યાજ દરોમાં ઘટાડો કરશે.

મોર્ગન સ્ટેનલીએ જણાવ્યું કે ડિસેમ્બર 2025 સુધીમાં સેન્સેક્સ 82000 સુધી પહોંચવાની આશા છે. આ ધારણા એવી છે કે ક્રુડ ઓઇલના ભાવ સ્થિર રહેશે અને અર્થતંત્રમાં ખાનગી રોકાણ વધશે. આ સાથે આરબીઆઈ વ્યાજદરમાં અડધા ટકાનો ઘટાડો કરશે.

તેજીની સ્થિતિમાં મોર્ગન સ્ટેનલીનું માનવું છે કે ડિસેમ્બર 2025 સુધીમાં સેન્સેક્સ 91000ના સ્તર પર પહોંચી જશે અને તેની સંભાવના 30 ટકા છે. આ ધારણા એવી કરવામાં આવી છે કે સરકાર જીએસટીના દરોમાં ઘટાડો કરશે અને કૃષિ કાયદામાં પણ પ્રગતિ થશે.

મોર્ગન સ્ટેનલીને આશા છે કે જો ક્રૂડ ઓઇલના ભાવ બેરલદીઠ 100 ડોલરની ઉપર જળવાઇ રહે અને અમેરિકામાં મંદીનો માર ચાલુ રહે તો સેન્સેક્સ હાલના સ્તરેથી 22 ટકા ઘટીને 63000 પર આવી જશે. બ્રોકરેજ ફર્મના જણાવ્યા પ્રમાણે આવું થવાની શક્યતા 20 ટકા છે.

**એક્સટર્નલ રિપોર્ટમાં ખુલાસો થયો**

# ડેરિવેટિઝ ગેરરીતિના કારણે ઇન્ડસઇન્ડ બેન્કને રૂ. 1979 કરોડનું નુકશાન થશે

મુંબઇ, તા. 15: ઈન્ડસઈન્ડ બેન્કે જણાવ્યું હતું કે, ડેરિવેટિઝની વિસંગતતાના કિસ્સામાં તેને એક્સર્ટનલ ઓડિટનો અહેવાલ મળ્યો છે.

આ મુજબ ડેરિવેટિઝ વિસંગતતાને કારણે બેન્કની નેટવર્થ પર રૂ. 1979 કરોડ રૂપિયા એટલે કે લગભગ 2.27 ટકાની નકારાત્મક અસર પડી છે.

બેન્કે કહ્યું કે, આ વિસંગતતાની અસર નાણાકીય વર્ષ 2025ના નાણાકીય નિવેદનોમાં પ્રતિબંબિત થશે. ગત મહિને બેન્કે તેના ડેરિવેટિઝ પોર્ટફોલિયોમાં જોવા મળતી વિસંગતતાઓની તપાસ માટે એક સ્વતંત્ર એજન્સીની નિમણુંક કરી હતી.

બેન્કના જણાવ્યા અનુસાર આંતરિક ઓડિટમાં નેગેટિવ અસર 2.35 ટકા રહી હતી, જ્યારે એકસર્ટનલ એજન્સીએ તેને 2.27 ટકા આંકવામાં આવી છે. 10 માર્ચ, 2025ના રોજ અમે જાહેર કર્યુ હતું કે, કેટલાક ડેરિવેટિઝ પોર્ટફોલિયો એકાઉન્ટસમાં વિસંગતતાઓ મળી આવી છે.

આરબીઆઇના ગવર્નર સંજય મલ્હોત્રાએ તાજેતરમાં જ કહ્યું હતું કે, ઈન્ડસઈન્ડ બેન્કની ગડબડી બેન્કીગ સીસ્ટમની નિષ્ફળતા નથી. આ એક પ્રાસંગિક ઘટના છે. તેમણે કહ્યું હતું કે, દેશની બેન્કીગ સીસ્ટમ સલામત છે અને આવી ઘટનાઓ કયારેક કયારેક બનતી હોય છે.

ઈન્ડસઈન્ડ બેન્કનો શેર આજે એનએસઈમાં રૂ. 735.50 પર બંધ થયો હતો. આ શેર 12 માર્ચના રોજ 52 વીકના નીચલા સ્તર રૂ. 606 પર પહોંચી ગયો હતો, પરંતુ હવે તેમાંથી રિકવરી આવી છે.ઈન્ડસઈન્ડ બેન્ક દેશની અગ્રણી ખાનગી ક્ષેત્રની બેન્કોમાંની એક છે.

# રોકાણકારોની સંપત્તિમાં 10.9 લાખ કરોડ રૂપિયાનો વધારો થયો

**ભારતીય** શેરબજારમાં પુનરાગમન, લિબરેશન ડે પછીના તમામ નુકશાનને ભૂંસી નાંખ્યું

મુંબઇ, તા. 15: ભારતીય શેરબજારે આજે પુનરાગમન કર્યું હતું, જેમાં લિબરેશન ડે પછીના તમામ નુકસાનને ભૂંસી નાખીને આગળ વધતો જોવા મળ્યો છે. સેન્સેક્સ 1750 પોઇન્ટથી વધુ ઊછળ્યો હતો અને નિફ્ટી 22300ને વટાવી ગયો હતો, જેણે એક જ દિવસમાં માર્કેટ કેપિટલાઇઝેશનમાં રૂ. 10.9 લાખ કરોડનો જંગી ઉમેરો કર્યો હતો. જે તાજેતરના મહિનાઓમાં સૌથી તીવ્ર સિંગલ-સેશન ગેઇન્સમાંનો એક હતો.

આ ઉછાળાના હાર્દમાં યુએસની વેપાર નીતિમાં મોડેથી ફેરફાર થયો હતો. ચીન સિવાયના તમામ દેશો પરના પારસ્પરિક ટેરિફને 90 દિવસ માટે મોકૂફ રાખ્યા છે, વોશિંગ્ટને સંકેત આપ્યો હતો કે તે ચીન સિવાયના મોટાભાગના દેશો માટે બદલો લેનારા ટેરિફમાં 90 દિવસનો વિલંબ કરશે. ભારતીય બજારો માટે આટલું જ પૂરતું હતું. ચીન સામેનું આ વલણ વૈશ્વિક કંપનીઓ દ્વારા ચાઈના પ્લસ વન ડાયવર્સિફિકેશનની ચાલથી લાભ મેળવતા શેરોમાં આખલાઓને ભડકતું રાખવા માટેનું એક કારણ હતું,

શેરબજારની રીકવરીમાં ફાઇનાન્શિયલ્સ અગ્રેસર રહ્યું, જેમાં 2 ટકાથી વધુનો ઉછાળો નોંધાયો હતો. સ્મોલકેપ અને મિડકેપ ઇન્ડેક્સમાં પણ 3-3 ટકાનો ઉછાળો નોંધાયો હતો, જે તાજેતરના અંડરપર્ફોર્મન્સથી રિકવરી દર્શાવે છે.

નબળા ડોલર અને સ્થિર યુએસ બોન્ડ યીલ્ડને કારણે આજે એશિયન બજારોમાં પણ તેજી જોવા મળી હતી. જે રીતે ત્રણ દિવસની રજાઓ પછી ભારતનાં બજારો ફરી ખૂલ્યાં હતાં, જેમાં વૈશ્વિક બજારોની પાછળ તેજીનો દોર જોવા મળ્યો છે.

## બે દિવસની તેજી દરમિયાન રોકાણકારોની સંપત્તિમાં રૂ. 18.42 લાખ કરોડનો વધારો થયો

મુંબઇ, તા. 15: ભારતીય બજારના બેન્ચમાર્ક સૂચકાંકો ત્રણ દિવસની રજા બાદ આજે ખુલ્યા હતા. હકીકતમાં, અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદનો પરની ડ્યુટીમાં થોડી છૂટછાટ અને વાહનો પરની ડ્યુટીમાં સુધારાના સંકેત આપ્યા પછી વૈશ્વિક શેર બજારોમાં વધારો થયો હતો. ભારતના સેન્સેક્સ અને નિફ્ટીને પણ આનો ફાયદો થયો હતો. આંકડા મુજબ સ્થાનિક બજારમાં છેલ્લા બે ટ્રેડિંગ સેશન દરમિયાન રોકાણકારોને તેજીમાં લગભગ 18.42 લાખ કરોડ રૂપિયાનો ફાયદો થયો છે.બે દિવસમાં સેન્સેક્સમાં 2887.74 પોઇન્ટ એટલે કે 3.91 ટકાનો ઉછાળો નોંધાયો છે. આ સમયગાળા દરમિયાન બીએસઈ લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપિટલાઇઝેશન બે દિવસમાં 18.42 લાખ કરોડ રૂપિયા વધીને 4.81 ટ્રિલિયન અમેરિકન ડોલર થયું છે. મહેતા ઇક્વિટીઝ લિમિટેડના સિનિયર વાઇસ પ્રેસિડેન્ટ (રિસર્ચ) પ્રશાંત તાપસેએ બજારમાં બમ્પર ખરીદી અંગે ટિપ્પણી કરતાં જણાવ્યું હતું કે, વૈશ્વિક ઇક્વિટી બજારોમાં આવેલી તેજીએ સ્થાનિક બેન્ચમાર્કને મોટો ટેકો આપ્યો છે. તાજેતરના વિકાસ સૂચવે છે કે, આગામી કેટલાક અઠવાડિયામાં ચાલુ ટેરિફ યુદ્ધનો કોઈ ઉપાય હોઈ શકે છે. જોકે, ક્રૂડ ઓઇલના ભાવમાં ઘટાડો અને એફઆઇઆઇ ફંડ્સમાંથી મજબૂત આઉટફ્લોને કારણે રોકાણકારોમાં ભારે અનિશ્ચિતતા પ્રવર્તી રહી છે. મોતીલાલ ઓસવાલ ફાઇનાન્શિયલ સર્વિસીસ લિમિટેડના વેલ્થ મેનેજમેન્ટના હેડ સિદ્ધાર્થ ખેમકાએ જણાવ્યું હતું કે, અમેરિકન રાષ્ટ્રપતિ ટ્રમ્પ દ્વારા ફોન, કમ્પ્યુટર્સ અને ઇલેક્ટ્રોનિક્સ પર ટેરિફમાં કામચલાઉ રાહતની જાહેરાત બાદ વૈશ્વિક બજારના સકારાત્મક સંકેતોને કારણે બેન્ચમાર્ક ઇન્ડેક્સ સેન્સેક્સ અને નિફ્ટીમાં 2 ટકાથી વધુનો ઉછાળો આવ્યો હતો. તેમણે આયાતી વાહનો અને ઓટો પાર્ટ્સ માટેના ટેરિફમાં સંભવિત મુક્તિનો સંકેત પણ આપ્યો હતો. જિયોજિત ઇન્વેસ્ટમેન્ટ્સ લિમિટેડના હેડ ઓફ રિસર્ચ વિનોદ નાયરે જણાવ્યું હતું કે, આ ગતિ પારસ્પરિક ટેરિફના અચાનક સસ્પેન્શનથી આવી છે, જે આજે પણ ચાલુ રહી હતી. આ સાથે ઇલેક્ટ્રોનિક્સ સામાન પર પણ ડિસ્કાઉન્ટ આપવામાં આવ્યું છે. સંભવિત ડ્યૂટી રાહતના કારણે ઓટો શેરોમાં તેજી આવી છે.

# ટ્રમ્પના ટેરિફ યુદ્ધથી રશિયન રૂબલ વિશ્વમાં ટોચનું ચલણ બન્યું

**રૂબલ** 2025માં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર મુખ્ય ચલણ છે

નવી દિલ્હી, તા. 15: આ વર્ષે રશિયાનો રૂબલ વૈશ્વિક ચલણ રેન્કિંગમાં ટોચ પર પહોંચી ગયો છે, તેને ડોલર સામે સૌથી વધુ લાભ થયો છે અને લાંબા સમયથી રોકાણ માટે સ્વર્ગ માનવામાં આવતા સોના કરતાં પણ વધુ સારું પ્રદર્શન કર્યું છે.

બ્લૂમબર્ગ દ્વારા ભેગા કરેલા ડેટા દર્શાવે છે કે રૂબલ 2025માં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર મુખ્ય ચલણ છે, જ્યારે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફ વધારાના દબાણ હેઠળ ડોલરમાં ઘટાડો થયો છે. ફેબ્રુઆરી 2022માં શરૂ થયેલા યુદ્ધ બાદ અમેરિકા અને તેના સાથી દેશો દ્વારા લાદવામાં આવેલા ચાલુ પ્રતિબંધો છતાં રશિયાનો લાભ સ્થાનિક નાણાકીય નીતિના મૂળમાં છે. જ્યારે મજબૂત ચલણ ફુગાવાને કાબૂમાં લેવા પર ધ્યાન કેન્દ્રિત કરનારાઓને અપીલ કરી શકે છે, ત્યારે તે એવા સમયે ઊર્જા કમાણી ઘટાડી શકે છે જ્યારે સરકાર સંરક્ષણ અને સામાજિક ખર્ચમાં ભારે રોકાણ કરી રહી છે.

બેન્ક ઓફ રશિયાની 21 ટકા વ્યાજ દર નીતિએ ાયાત માગને અને વિદેશી ચલણને બહાર જવામાં મર્યાદિત કરી છે, જ્યારે નિકાસકારોને આવકનો એક ભાગ રુબલમાં પરિવર્તિત કરવી પડે છે.

# નીચા ફુગાવાને કારણે વપરાશમાં વધારો થશે, જેથી જીડીપીને વેગ મળશે: ક્રિસિલ

**વૈશ્વિક** વૃદ્ધિમાં સુસ્તી અને 90 દિવસ પછી ભારતીય ઉત્પાદનો પર યુએસ ટેરિફના વધતા જતા બાહ્ય જોખમો નિકાસ અને રોકાણ પર ભાર મૂકી શકે છે

નવી દિલ્હી, તા. 15: સરકારના પ્રયાસો અને અનેક હકારાત્મક ઘટનાક્રમના કારણે દેશની સ્થાનિક માગમાં સુધારાના સંકેત દેખાઈ રહ્યા છે. ગત નાણાકીય વર્ષ 2024-25ના ચોથા ત્રિમાસિક ગાળામાં રવિ પાકનું સારૂં ઉત્પાદન અને ફુગાવામાં નરમાઈથી વપરાશની માગમાં વધુ વધારો થવાની શક્યતા છે. ક્રિસિલે તાજેતરના એક અહેવાલમાં જણાવ્યું હતું કે, એકંદરે, આ પરિબળો ટેરિફ વોરને કારણે ઉભી થયેલી વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે સ્થાનિક અર્થતંત્રને વિકસિત કરવામાં મદદ કરશે.રિપોર્ટમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે 2024-25ના બીજા છમાસિક ગાળામાં કેપિટલ ગુડ્ઝ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ગુડ્સ અને કન્સ્ટ્રક્શન ગુડ્સના ઉત્પાદનમાં સારી વૃદ્ધિ જેવા હાઇ ફ્રિક્વન્સી સૂચકાંકો વૃદ્ધિની સંભાવનાઓને મજબૂત બનાવે છે. જ્યાં સુધી ડિમાન્ડ રિકવરીની વાત છે તો મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં ઈન્ડસ્ટ્રિયલ પ્રોડક્શન ઈન્ડેક્સ-આઈઆઈપીનો તેમાં મોટો ફાળો રહ્યો છે.

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| પ્રફુલ/સાલાસર/કેપલોન | રૂા. | ૭૫/૩૬ '' | ૧૨૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૮૪ | ૫૦/૩૬ '' | ૧૨૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૨૯ |
| ૩૦/૩૬ એફડી | ૨૯૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૭૧ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૭૩.૫ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૨૯ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૩૦.૫ |
| ૬૮/૩૬ | ૧૨૭ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૨૭.૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૨૭ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૭.૫ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૧ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૨૪.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૨૧ | ૮૦/૭૨ રોટો | ૧૨૮ | ૭૫ ક્રિમ્પ | ૧૨૩.૫ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૭૧ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૩૬ | ૮૦ ક્રિમ્પ | ૧૨૮ |
| ૮૦/૭૨ રોટો. | ૧૨૭ | ૧૬૦ ડીસ્કેટ | ૧૩૬ | ૮૦/૭૨ રોટો | ૧૨૭ |
| ૮૦/૩૬ રોટો. | ૧૨૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૯ | ૮૦/૧૦૮ '' | ૧૨૯ | ૩૦/૩૬ એફડી | --- |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૫૫૦ | કોપરેલ | ૫૧૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૩૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૫૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૪૦ | સનફ્લાવર | ૨૨૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૪૫૦ | તલતેલ | ૫૪૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૨૫૦ | દિવેલ | ૨૩૮૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૨૦ | મકાઇ તેલ | ૨૪૫૦ |
| સરસીયું તેલ | ૨૬૯૦ | | |

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૯૬૧૦૦ |
| તેજાબી સોનું | ૯૬૦૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૯૧૨૯૫ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૯૪૧૮૦ |
| સોનાનાં બિસ્કીટ | ૯૬૧૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૯૭૭૦૦ |
| ચાંદી સિક્કા | ૯૯૨૦૦ |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૪૦૦ |
| એસ-૩૦ | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૩૦૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |

## જાહેર નોટિસ

મે. ધ્રુવ ઓટોમોબાઈલ્સ, નોં.નં-૨૪૨૨૧૬૦૧૬૩૫, સરનામું- સર્વે નંબર ૫૪૨ પૈકી ૩૩(નવો સર્વે નં- ૧૦૧૯ કુલ ૨૦૧૨ ચોમી) ગામ-ધમડાચી, તા.જિ વલસાડ ના કેસમાં વર્ષ ૨૦૦૭- ૦૮ થી ૨૦૧૭-૧૮ સુધી વેટ કાયદા હેઠળની આકારણી મુજબ રૂ. ૩૦,૫૨,૦૪,૩૧૦/-+ ચઢત વ્યાજ વસૂલ કરવાનું બાકીમાં છે. ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ-૨૦૦૩ ની કલમ- ૪૬ ની જોગવાઈઓ અને લેન્ડ રેવન્યુ કોડ - ૧૮૭૯ થી મને મળેલ સત્તાની રૂએ ઉપરોક્ત દર્શાવ્યા મુજબ મિલકતની હરાજી કરવાનું ઠરાવું છું. સદર મિલકતની હરાજી અંગે જો કોઈ લેણદારો, બેંક, ત્રાહિત પક્ષોને વાંધા હોય તો, અત્રેની સહાયક રાજ્યવેરા કમિશનરશ્રીની કચેરી, ઘટક-૭૦, પ્રથમ માળ, નવી બીએસએનએલ બિલ્ડીંગ, હાલર રોડ, વલસાડને આ નોટિસ પ્રકાશિત કર્યાની તારીખથી દિન-૭ માં લેખિતમાં જાણ કરવા જણાવવામાં આવે છે.

(વી.એસ.પટેલ)
રાજ્યવેરા અધિકારી (૪)
ઘટક-૭૦, વલસાડ

નં. માહિતી/વલસાડ/૪૮/૨૦૨૫

## જાહેર નોટીસ

આથી વાહન માલીકો/કબ્જેદાર/વીમા કંપની, ફાઇનાન્સ કંપની વિગેરે નાઓને જણાવવાનુ કે, નાયબ પોલીસ કમિશનર ઝોન-૦૪ સુરત શહેર વિસ્તારના ઉમરા, અઠવાલાઇન્સ તથા પાંડેસરા પોલીસ સ્ટેશન સુરત શહેર ખાતે ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ હેઠળના અલગ અલગ ગુનાના કામે વાહનો કબ્જે કરવામાં આવેલ, જે વાહન માલીકો/કબ્જેદારોને અવાર-નવાર લેખિત તથા મૌખિક જાણ કરવામાં આવેલ હોવા છતાં તેઓ તરફથી વાહન છોડાવવાની આજ દિન સુધી કોઇ કાર્યવાહી કરવામાં આવેલ નથી, જેથી, નોટીશ પ્રસિધ્ધ થયેથી દિન-૦૫ માં વાહન છોડાવવા અંગેની કાર્યવાહી કરવી, જો એમ કરવામાં આપ કસુર કરશો તો આપ આપનુ વાહન છોડાવવા માંગતા નથી તેવુ માની લઇ કાયદાકીય નિયમોનુસાર વાહનોની હરાજી કરી, હરાજીમાં ઉપજેલ નાણા સરકારશ્રી ખાતે જમા કરાવવામાં આવશે, તેમજ આપના તરફથી આ અંગે આપને કોઇ વાંધો હોય તો દિન-૦૨ માં લાગતા વળગતા પોલીસ સ્ટેશન ખાતે અથવા તો અમારી સમક્ષ રૂબરૂ અગર તો લેખિત રજુઆત કરવી ત્યારબાદ આવેલી કોઇ રજૂઆતને ધ્યાનમાં લેવામાં આવશે નહીં જેની નોંધ લેશો.

નોંધ-: વાહનોની સંપૂર્ણ વિગતો સુરત શહેર પોલીસ કમિશ્નર કચેરીની વેબસાઇટ:- www.cpsurat.gujarat.gov.in પર ઉપલબ્ધ છે.

(ઝેડ.આર.દેસાઇ)
મદદનીશ પોલીસ કમિશનર
"એચ" ડીવીઝન સુરત શહેર

ક્રમાંક : માહિતી-સુરત/૬૩/૨૦૨૫

# અદાણી જૂથ માટે ખુશખબર: વ્હાઈટ કોલર ગુનાઓ મામલે ડોનાલ્ડ ટ્રંમ્પની પીછેહઠ

**ટ્રમ્પે** પ્રોસિક્યુટર્સ દ્વારા દોષિત ઘણા પ્રતિવાદીઓને માફી આપી

મુંબઈ : અદાણી જૂથ માટે ફરી એકવાર સારા સમાચાર આવ્યા છે, શેરબજારમાં અદાણીના શેરમાં તોફાની તેજી બાદ અમેરિકન સરકાર તરફથી મોટી રાહત મળી છે. અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રંપે લાંચ વિરોધી કાયદાઓ પ્રત્યે નરમ વલણ રાખતા તેને લાગુ નહીં કરવાનો નિર્ણય લીધો છે. ટ્રમ્પ વહીવટીતંત્રે ચોક્કસ પ્રકારના વ્હાઇટ-કોલર ગુનાઓ સામે કેસ ચલાવવાથી પાછળ હટવાનો નિર્ણય લીધો છે. જેનાથી અદાણી ગ્રુપને ફાયદો થવાની સંભાવના છે.

રાષ્ટ્રપતિનું પદ સંભાળ્યા બાદ ડોનાલ્ડ ટ્રમ્પે સમગ્ર વિશ્વમાં ખળભળાટ મચાવી દીધો છે. ટ્રમ્પ વહીવટીતંત્રે લાદેલા 'ટેરિફ ટેરર'થી વિશ્વભરના બજારોમાં ઉથલપાથલ મચી ગઈ છે. હવે ટ્રમ્પ વહીવટીતંત્ર ચોક્કસ પ્રકારના વ્હાઇટ-કોલર ગુનાઓ લાગુ કરવાથી પીછેહઠ કરી રહ્યું છે. જેમાં વિદેશી લાંચ, જાહેર ભ્રષ્ટાચાર, મની લોન્ડરિંગ અને ક્રિપ્ટો માર્કેટ સંબંધિત બાબતોનો સમાવેશ થાય છે.

ડોનાલ્ડ ટ્રમ્પે એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કર્યાના બે મહિનામાં જ આ નિર્ણય લેવામાં આવ્યો છે. તે યુએસ ન્યાય વિભાગને વિદેશી વ્યાપાર સોદા મેળવવા માટે વિદેશી અધિકારીઓને લાંચ આપવાના આરોપમાં અમેરિકનો પર કાર્યવાહી બંધ કરવાનો નિર્દેશ આપે છે.

આ નિર્ણયથી અમેરિકન કોર્ટમાં આરોપોનો સામનો કરી રહેલી કંપનીઓ અને તેમના અધિકારીઓને પણ ફાયદો થઈ શકે છે. અદાણી ગ્રુપના કેટલાક ટોચના અધિકારીઓ જેઓ હાલમાં યુએસમાં લાંચના આરોપોનો સામનો કરી રહ્યા છે.

## મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ

Muthoot Homefin

કોર્પોરેટ ઓફિસ: યુનિટ નં. ૧૯-એનઈ, ૧૯મો માળ, ૫ રૂબી, સેનાપતિ બાપટ માર્ગ, રૂપારેલ કોલેજ પાસે, દાદર (પશ્ચિમ), મુંબઈ, મહારાષ્ટ્ર- ૪૦૦ ૦૨૮

**કોરિજેન્ડમ**

૦૭ એપ્રિલ, ૨૦૨૫ના રોજ બિઝનેસ સ્ટાન્ડર્ડ (ઈએનજી.) અને ગુજરાત મિત્ર (ગુજ.), અમદાવાદ, (સુરત) આવૃત્તિમાં પ્રકાશિત ખાનગી સંધિ હરાજી નોટિસની જાહેરાતનો સંદર્ભ લો, જે ઉધાર લેનારના નામ અનિલ યાદવરાવ પાટિલ, LAN નં. ૦૦૪-૦૦૪૦૪૪૬૬ હેઠળ પ્રકાશિત થઈ હતી. મિલકતના સરનામામાં અજાણતા ભૂલને કારણે ફ્લેટ નં. ૪૦૪, રીઅલ સ્ક્વેર, શિવમ રેસીડિન્સી, સુરત-બારડોલી રોડની બહાર, કડોદરા, પલસાણા સુરત ગુજરાત- ૩૯૪૩૨૭ને બદલે પ્લોટ નં. ૧૨૪ જલારામ નગર ડિંડોલી ખરવાસા રોડ માતૃભૂમિ ઈંગ્લિશ સ્કૂલ સામે સુરત ગુજરાત- ૩૯૪૨૧૦ તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. તેથી, અમે મિલકતનું સાચું સરનામું વાંચવા વિનંતી કરીએ છીએ. જ્યારે ઉપરોક્ત નોટિસમાં અન્ય સામગ્રી યથાવત છે.

તારીખ: ૧૬ એપ્રિલ, ૨૦૨૫
સ્થળ: સુરત

એસડી/- અધિકૃત અધિકારી,
મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ

## આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ

IDFC FIRST Bank

(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)
CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નઈ–૬૦૦૦૩૧ ટેલી : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦
ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

**સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ નોટીસ**

આથી નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** પાસેથી સુરક્ષિત લોન મેળવેલ હતી. લોન માટે નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ તેમની જે તે મીલકત મોર્ગેજ કરેલ હતી. તેઓ દ્વારા જે તે લોન કરાર મુજબના કરારો–શરતો અને નિયમનું પાલન કરવામાં કસુર થયેલ છે અને અનિયમિતતા દર્શાવેલ છે. તેથી લોન આરબીઆઈના નિર્દેશ મુજબ એનપીએ થયેલ છે. **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** એ તેમની પાસે બાકી લેણી રકમ અંગે નોટીસ આપી નીચે દર્શાવેલ કોષ્ટકમાં નિર્દેશ કરેલ વિગત મુજબ બાકી રકમ ઉપર લાગુ વ્યાજ અને તેજ રીતે કરાર મુજબનું વ્યાજ જે તે તારીખથી ચાર્જ કરશે.

| અ. નં. | લોન એકાઉન્ટ નંબર | લોનનો પ્રકાર | દેવાદારો / સહદેવાદારોનું નામ | ૧૩(૨) નોટીસની તારીખ | ૧૩(૨)ની નોટીસ મુજબ બાકી રકમ |
|---|---|---|---|---|---|
| ૧. | ૧૦૧૪૭૮૬૫૪ | હોમ લોન | ૧. પટેલ મહેશભાઈ બાબુભાઈ<br>૨. પટેલ રીનાબેન મહેશભાઈ | ૨૯.૦૩.૨૦૨૫ | INR 10,40,331.08/- |

**મિલકતની વિગત :** તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે નવી મિલકત નં. ૨૬૧(જૂની મિલકત નં. ૨૬૦) માપ ૨૦X૪૫ ચો.ફુટ માજે ગામ બોરીયા, તા. મહુવા જી.સુરત, ગુજરાત–૩૯૪૬૨૦ ખાતે આવેલ છે. **ચતુદિશા : પૂર્વ :** સંદિપભાઈ દિલીપભાઈ નુ ઘર, **પશ્ચિમ :** જાહેર રોડ, **ઉત્તર :** શલૈષભાઈ રમેશભાઈ નાયક, **દક્ષિણ :** સુનિલભાઈ છીતુભાઈ નાયક

| અ. નં. | લોન એકાઉન્ટ નંબર | લોનનો પ્રકાર | દેવાદારો / સહદેવાદારોનું નામ | ૧૩(૨) નોટીસની તારીખ | ૧૩(૨)ની નોટીસ મુજબ બાકી રકમ |
|---|---|---|---|---|---|
| ૨. | ૧૧૯૮૦૦૯૩૭ | હોમ લોન | ૧. રામપ્રતાપ રાજભર<br>૨. પ્રતિમાદેવી | ૨૯.૦૩.૨૦૨૫ | INR 10,84,250.29/- |

**મિલકતની વિગત :** તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે ગોકુલધામ શિવ પેલેસ–૨, ૭/૧૨ મુજબ કોમ્પ્યુટરાઈઝડ રેવન્યુ રેકોર્ડ બ્લોક નં.–૨૨૩૦(પાસીંગ પ્લાન મુજબ પ્લોટ નં.–૪૪) માપ ૪૦.૮૮ ચો મિટર, રેવન્યુ સર્વે નં. ૨૩૭+૨૫૦ બ્લોક નં. ૧૮૦ પૈકી સબ પ્લોટ નં.૩ મોજે ગામ નવી પારડી તા. કામરેજ, જીલ્લા સુરત. ગુજરાત–૩૯૪૧૫૦ ખાતે આવેલ છે.
**ચતુદિશા : પૂર્વ :** જૂનો બ્લોક નં. ૧૫૬, **પશ્ચિમ :** સોસાયટી રોડ, **ઉત્તર :** પ્લોટ નં.૪૩, **દક્ષિણ :** પ્લોટ નં.૪૫.

આથી તમને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી) ની ઉપરના ટેબલમાં દર્શાવ્યા મુજબની બાકી રકમ કરાર આધારિત જે તે તારીખથી વ્યાજ અને અન્ય ખર્ચા સહીત આ નોટીસ છપાયાના ૬૦ દિવસમાં ચુકવી દેવા જણાવવામાં આવે છે. જેમ કરવામાં કસુર થયેથી નીચે સહી કરનાર આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી) ના અધિકૃત અધિકારી સરફેસી એકટની ધારા ૧૩(૪) અને ધારા ૧૪ હેઠળ કાર્યવાહી કરી બાકી રકમની વસુલી કરશે. વધુમાં તમને આ કાયદાની ધારા ૧૩(૧૩) હેઠળ સુરક્ષિત મીલકત વેચાણ–ભાડે કે અન્ય રીતે વ્યવહાર ન કરવા પ્રતિબંધિત કરવામાં આવે છે.

સહિ/–
અધિકૃત અધિકારી,
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ.
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)

તારીખ : ૧૬.૦૪.૨૦૨૫
સ્થળ : સુરત